# મેઘરજ તાલુકાના ઝેરીયાવાડા ગામે બે યુવકોની હત્યાથી ચકચાર

મેઘરજ, તા.૩૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઝેરીયાવાડા ગામે કૌટુંબિક ઝઘડામાં બે ઈસમોનું મોત થતા



સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

બનાવની વિગત એવી છે કે ફરિયાદી નટુભાઈ સુમરાભાઈ સુવેરા રહે, ઝેરીયાવાડા તા. મેઘરજ એ ઈસરી પોલીસ સ્ટેશન નોંધાયેલ ફરિયાદ મુજબ ગત શનિવારના રોજ સવારે આઠ વાગ્યાના સમયે ફરિયાદીનો છોકરો અશ્વિન મજુરી કામે બહાર ગયેલ હતો અને ફરિયાદી સાંજના ચાર વાગ્યાના સમયે પાણી વાળવા ગયેલ હતો.

તે દરમિયાન રાત્રીના સાડા દસ વાગ્યાના સમયે ફરિયાદીના કુટુંબીના ભાઈ તથા તેમનો છોકરો બંને ઝઘડતા હોઈ ફરિયાદી ત્યાં ગયા હતા. ત્યાં લાઈટના અજવાળે જોતાં ત્યાં ફરિયાદીના કાકાનો છોકરો લક્ષ્મણભાઈ સોમાભાઈ સુવેરા તથા રમેશભાઈ બદાભાઈ સુવેરાનાઓ બંને જણા ફરિયાદીના દીકરા અશ્વિનભાઈ તથા ફરિયાદીના ભાઈનો છોકરો લાલજીભાઈ બંનેને ગાળો બોલતા હતા. અને ફરિયાદીના દીકરા અને ભત્રીજાને કહેતા હતા કે મારા ઘરે કેમ આવ્યા છો અને તમે લોકો તમારા ઘરે જતા રહો નહીં તો જાનથી મારી નાખીશું તમારે અહીં આવવાની જરૂર નથી તેમ કહી લક્ષ્મણ સુવેરા તથા રમેશ સુવેરા બંને પાસે રહેલ કુહાડીથી ફરિયાદીના દીકરા અને ભત્રીજાને ઉપર એકાએક હુમલો કરી કુહાડીથી ઘા મારી રહ્યા હતા.

ફરિયાદીએ બુમાબુમ કરતાં આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. જે જોઈ બંને આરોપીઓ ઘટના સ્થળેથી ખેતર તરફ ફરાર થઈ ગયા



હતા. ફરિયાદીએ તેમના પુત્ર અને ભત્રીજાને નજીક જઈ જોતાં બંનેને ગંભીર ઈજાઓ થતાં ઢળી પડ્યા હતા અને શરીરના ભાગે લોહી લુહાણ થયેલી હાલતમાં બંનેનાં મોત નીપજ્યા હતા. આ અંગે ફરિયાદીએ ઈસરી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા કવાયત હાથ ધરી હતી.

## હિંમતનગરની પરિશ્રમ સોસાયટીના બંધ મકાનમાંથી ૧ લાખની ચોરી

હિંમતનગરના સહકારી જીન રોડ પર આવેલ પરિશ્રમ સોસાયટીના એક બંધ મકાનમાંથી શુક્રવારે સાંજના સુમારે અજાણ્યા શખ્શોએ મકાનમાં પ્રવેશી સોના ચાંદીના દાંગીના તથા રોકડ મળી રૂા. ૧ લાખથી વધુ મત્તાની ચોરી કરીને લઈ ગયાની ફરિયાદ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

પરિશ્રમ સોસાયટીમાં મકાન ધરાવતા નારાયણભાઈ રામચંદભાઈ પ્રજાપતિએ નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમનાં બંધ મકાનનું તાળું તોડી શુક્રવારે સાંજના સુમારે અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાં મુકેલ ૪૦ ગ્રામ સોનાનો રૂા. ૮૦ હજારનો દોરો તથા ૭૦ ગ્રામના ચાંદીના છડા અને તિજોરીમાં મુકેલ રૂા. ૨૦ હજાર રોકડ મળી અજાણ્યા શખ્સો અંદાજે રૂા. ૧ લાખથી વધુની મત્તાની ચોરી કરી લઈ ગયા જે અંગે નારાયણભાઈ પ્રજાપતિએ અજાણ્યા શખ્સો વિરુદ્ધ એ - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ધાનેરા પાલિકા શોપિંગની હરાજીમાં દુકાન લીધેલાને ભરવો પડશે લાખો ટેક્સ

### પાલિકાના સત્તાધીશોએ લોકોને અંધારા રાખી હાથ ધરી હરાજી : પાલિકાના સત્તાધીશોએ ટેક્સ માટે હાથ કાર્ય અધ્ધર : હરાજી રદ થાય તો નવાઈ નહિ

ધાનેરા, તા.૩૧

ધાનેરા માં પાલિકા દ્વારા પાલિકા બજાર શોપિંગ હરાજી કરવામાં આવી રહી છે તેમાં સરકાર ના ટેક્ષ નો કોઈજ ઉલ્લેખ કરવામાં ન આવતા આજે ધાનેરા માં અનેક તર્ક વિતર્કો જોવા મળી રહ્યા છે અને લોકો કહી રહ્યા છે દુકાનો ઉપર લાગતું સરકાર ટેક્સ કોને ભરવાનું ? જો નગરપાલિકા દ્વાર આ ટેક્ષ દુકાન ખરીદનાર ઉપર નાખવામાં આવશે તો દુકાન ખરીદનાર લખો રૂપિયા ટેક્સ ભરવું પડશે ? નહીંતર હરાજી રાડ થાય તો પણ કઈ નવાઈ ની વાત નથી કહેવાતી

ધાનેરા માં છેલ્લા બે દિવસ થી નગરપાલિકા દ્વારા પાલિકા બજાર ની હરાજી હાથ ધરવામાં આવી રહી છે અને લોકો ૬૦ લાખ થી પણ વધુ ની બોલી બોલી દુકાનો લઈ રહ્યા છે છતાં પણ પાલિકા ના સત્તાધીશો દ્વાર સરકાર ના કોઈ ટેક્સ ની લોકો ને હજુ સુધી જાણ કરાઈ નથી અને સરકાર માં ભરવામાં આવતું ટેક્સ



કોના શિરે રહેશે જો દુકાન ખરીદનાર ઉપર આ ટેક્ષ નાખવામાં આવ્યું તો દુકાન ખરીદનાર વ્યક્તિએ લખો રૂપિયા નું ટેક્ષ ભરવું પડશે અને ધાનેરા પાલિકા બજાર ની દુકાન ધાનેરાના લોકોને ૮૦ લાખ કરતા પણ વધારે મોંઘી પડશે ત્યારે આજે ધાનેરા નગરપાલિકા ના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટ દ્વારા લોકોને જાણ કરવામાં આવી હતી.

આ બાબતે ધાનેરા નગરપાલિકાના ચીફ ઓફિસર નો સંપર્ક કરતા તેને જણાવ્યું હતું કે સરકારનું તમામ ટેક્સ દુકાન લેનાર વ્યક્તિને ભરવું પડશે અત્યારે પાલિકાના ચીફ ઓફિસર પોતાનો બચાવ કરતા તમામ ટેક્સ લોકો ઉપર નાખી રહ્યા છે તો પહેલા આ બાબતે લોકોને જાણ કેમ ન કરાઈ.

અત્યારે તો ધાનેરા નગરપાલિકા દ્વારા લોકોને અંધારામાં રાખી હરાજી કરી દીધી છે પણ હવે સવાલ એ ઉભો થયો છે કે ધાનેરાના લોકો લખો રૂપિયા ટેક્ષ ભરશે કે પછી હરાજી રાડ થશે તે તો સમય જ બતાવશે.

## મોડાસા પાલિકાનું વહીવટીતંત્ર ખાડે જતાં નાગરિકોને ભારે હાલાકી

મોડાસા, તા. ૩૧

મોડાસા નગરમાં ચારેકોર નગરપાલિકા તંત્ર દ્વારા ગટર અને રોડના કામો પુરજોશમાં કાર્યરત છે. જેમાંના નવજીવન ચોકથી પૂર્ણિમા હોટલ સુધીના પાણીના નિકાલ માટેનું ચાલુનું ગટર યોજનાનું કામ કર્યાના એરણે છે.

આ અગાઉ નવજીવન ચોકમાં પાણીના નિકાલનો પ્રશ્ન માયાના દુઃખાવારૂપ બનેલ છે. આ પાણીના નિકાલ અંગે તંત્ર દ્વારા લાખ્ખો રૂપિયાના ખર્ચ છતાં આ પ્રશ્ન યથાવત બની રહ્યો છે.

હાલમાં જાણવા મળ્યા મુજબ રૂા. બાવીસ લાખના ખર્ચે નવજીવન ચોકથી પૂર્ણિમા હોટલના સામેના ભાગે ગટરના પાણીના નિકાલ અંગે સિમેન્ટ ભૂંગળા નાંખવું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે. પરંતુ આ પાણીનો નિકાલ થવાની શક્યતા ન હોવાથી નવજીવન ચોકના રહીશો જણાવી રહ્યા છે. છેલ્લે પાણી નિકાલ માટે ભૂગળું નાખવું શક્ય ના હોય ત્યાં મોટી નીક બનાવી નિકાલની વ્યવસ્થા કરાઈ છે. પરંતુ ત્યાં ટેલિફોનના મોટા કેબલ તથા પીવાના પાણીની પાળ્યો અડચણરૂપ બનેલ છે. જેનાથી આ પ્રોજેક્ટ પણ નિષ્ફળ રહેવાની શક્યતા જણાઈ રહી છે. આ બાબતે યોગ્ય પ્લાન નથી. નિકાલ થાય તો કાયમી માથાના દુઃખાવા બનેલો પાણીના નિકાલનો પ્રશ્ન ઉકેલાય તેવી લોક માગ પ્રબળ બની છે.

# મોયદ ખાતે જુગાર રમતાં આઠ શકુંનીઓ પ્રાંતિજ પોલીસે ઝડપી પાડ્યા

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં મોયદ ખાતે આવેલ રૂપાજી વિસ્તારની સીમમાં તીન પત્તી નો જુગાર રમતાં આઠ શકુંનીઓ



પ્રાંતિજ પોલીસે પકડી પાડ્યા.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલિસ ને હાઈવે ઉપર પેટ્રોલિંગ દરમ્યાન બાતમી મળી હતી અને તેવો પ્રાંતિજ પી.આઈ.ચાવડા ના માર્ગ દશન હેઠળ મોયદ ખાતે આવેલ રૂપાજી વિસ્તારમાં બાતમીના આધારે પ્રાંતિજ પીએસાઈ ગજજર તથા પીએસાઈ પરમાર પો.કોન્સ્ટેબલ કિરણસિંહ, અશોકભાઈ, દિપકસિંહ, ભીખુસિંહ વગેરે ની ટીમ દ્વારા સ્થળ ઉપર જઈ ને રેડ કરતાં ખુલ્લા પટમાં પેપર પાથરી આઠ જેટલા શકુંનીઓ ગજીના ત્રીન પત્તી રમતા હતા જેમાં દાવની રકમ ૧૦,૨૬૦ તથા બે મોબાઈલ જેની કિંમત- ૨૦૦ મળી કુલ- ૧૦,૪૬૦ નો મુદ્દામાલ સાથે આઠ ની અટકાયત કરી છે જેમાં (૧) કિર્તિજી સૂબાજી ચૌહાણ (૨) દલપતજી ધુલાજી ચૌહાણ (૩) નટવરજી સોમાજી ચૌહાણ (૪) નરપતસિંહ મદનસિંહ ચૌહાણ (૫) મહેન્દ્ર રમેશજી ચૌહાણ (૬) જગાજી જવાનજી ચૌહાણ (૭) મેહુલજી ભરતજી ચૌહાણ (૮) રામસિંહ ચૌહાણ તમામે તમામ રહે મોયદ રૂપાજીના ની પ્રાંતિજ પોલિસે ધરપકડ કરી સે.ગુ.ર.ન.૩૦૭૮/૧૭ મુજબ ગુનો નોંધી આગળ ની કાર્યવાહી હાથધરી છે.



**રતનપુર ચેકપોસ્ટ પર પોલીસ તંત્ર દ્વારા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું**

અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ૩૧ ડિસેમ્બરે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહિ તેમાટે સઘન પેટ્રોલિંગ જિલ્લાના માર્ગો પરહાથધરવામાં આવ્યું છે શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ નો ઉપયોગ કરી રાજ્યના અને અંતરરાજ્યના બુટલેગરો દ્વારા કરોડો રૂપિયાનો વિદેશી દારૂ અને કેફી દ્રવ્યો અને નશીલી ચીજવસ્તુઓ ગુજરાત રાજ્યમાં ઘુસાડવા મહત્તમ ઉપયોગ કરતા હોવાથી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડાતા બુટલેગરો ને અટકાવવા રાઉન્ડ ધી ક્લોક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરવામાં આવ્યું હતું.

## વણજ પાસે બાઈકને અકસ્માત થતા ચાલકનું મોત : એકને ઈજા

વિજયનગર તાલુકાના વણજ પાસે આવેલ વળાંકમાંથી ગુરુવારે પસાર થઈ રહેલા રાજસ્થાનના ખેડવાડા તાલુકાના બાલવાડા ગામના બાઈક ચાલકે બાઈકને ઝાડ સાથે અથડાવી દેતા તેમનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું ઉપરાંત અન્ય એક શખ્સને પણ ઈજા થઈ હતી જે અંગેની ફરિયાદ શુક્રવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે હાથીયા ગામના સંજયભાઈ નારણલાલ મીણાએ વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગુરુવારે હરિશભાઈ થાનાજી ભગોડા (રહે. બાલવાડા) તેમનું બાઈક લઈને વણજ ગામ નજીકન વળાંકમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક બાઈક કપચી ઉપર ચઢી જતાં તેઓ ઝાડ સાથે ટકરાયા હતા જેથી તેમને બાઈક પાછળ બેઠેલ જગદીશભાઈ શાંતિલાલ ડામોરને ઈજા થતા સારવાર માટે ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં ગંભીર ઈજાને કારણે ઘાયલ થયેલા હરીશભાઈ ભગોરાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

## થરા ફેડરલ હોસ્પિટલમાં બે માથાં જેવા આકારનું બાળક જન્મતા ભારે કુતૂહલ

### વખા ગામની મહિલાને થરા પ્રસુતિ થતાં બાળકી જનમી પરંતુ બે માથાનો આકાર ગુદાનો ભાગ બંધ

કાંકરેજ, તા. ૩૧

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાની થરા રેફરલ હોસ્પિટલમાં દિયોદર તાલુકાના વખા ગામની એક મહિલાને પ્રસુતિ ગૃહમાં બાળકીનો જન્મ થયો હતો જેને બે મસ્તક (માથા)નો આકાર હતો. જેથી કુતૂહલ પેદા



થવા પામ્યું હતું. જોને જન્મ થયા બાદ માતા અને બાળકની તબીયત સારી હતી ત્યારે બાળકને તેનો પિતા નટવરજી ઠાકોર શિહોરી ‘હની હોસ્પિટલ’ માં લઈ ગયા હતા જ્યા ડૉ. નિતીશ ભટોળે સારવાર કરી હતી અને રજા આપી હતી. ત્યારે પણ બાળક જીવીત હતું જેને ગુદાનો ભાગ બ્લોક હતો.

તેમજ બે મસ્તક જેવો આકાર ધરાવતી આ બાળકીનું વજન ૩ - કિલો હતું. પરંતુ બાળકીના પિતા નટવરજી ઠાકોરે પોતે જાતે ડૉકટર પાસે રજા લઈ ઘેર વખા ગામે લઈ ગયા હતા. જયાં સુધી સમાચાર લખાય છે ત્યાં સુધી બાળકની તબીયત સારી હતી પરંતુ ત્યારબાદ ‘ન જાણ્યુ જાનકી નાથે સવારે શું થવાનું છે’ આમ થરાની રેફરલ હોસ્પિ.માં બાળકીના જન્મથી કુતૂહલ પેદા થવા પામ્યું હતું.

# બનાસ ડેરી દ્વારા બનાસ દાણના ભાવમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂા. ૪૦નો ઘટાડો કરાયો

પાલનપુર, તા.૩૧

બનાસ ડેરી દ્વારા બનાવવામાં આવતા બનાસ દાણની ગુણવત્તા બાબતે ક્રાંતિકારી પગલા લેવામાં આવ્યા છે અને દાણ માટેના કાચા માલની ખરીદી સંપૂર્ણપણે પારદર્શક કરવામાં આવેલ છે. વર્તમાન નિયામક મંડળે યુવા નેતૃત્વ ધરાવનાર ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શનમાં બનાસ દાણની ગુણવત્તામાં ધરખમ સુધારો કરીને દૂધ ઉત્પાદકોના પશુધન માટે પોષણયુકત દાણ બનાવીને આપવામાં સફળતા મેળવેલ છે. દૂધ ઉત્પાદકો બનાસ દાણ પોષણક્ષમ ભાવે ખરીદી શકે તે બાબતનો પૂરતો ખ્યાલ રાખવામાં આવે છે. બનાસ ડેરીએ બનાસ દાણના ભાવમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ. ૪૦ નો ઘટાડો કર્યો છે. જે તા. ૧.૧.૨૦૧૮થી લાગુ કરવામાં આવશે.

બનાસ દાણની ગુણવત્તામાં સુધારણાના પગલે પશુના સ્વાસ્થ્યમાં અનેક ગણો સુધારો થયો છે અને દૂધ ઉત્પાદન અને દૂધના ફેટમાં નોંધપાત્ર વધારો પણ થયો છે અને તેના પરિણામે પશુપાલકોની આવકમાં પણ વધારો થયો છે. જે વિસ્તારોમાં દાણ ઓછું વપરાતું હતું ત્યાં પણ દૂધ ઉત્પાદકોને તાલીમ આપી જાગૃતિ લાવવામાં આવી છે અને દાણનો વપરાશ વધતા પશુધન અને દૂધ બન્નેમાં ફાયદો જોવા મળ્યો છે. આમ નવી પેઢી પણ પશુપાલનના વ્યવસાયમાં આકર્ષિત થઈ છે. બનાસ ડેરી બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોને ઉત્તમ ગુણવત્તાનું બનાસ દાણ પૂરું પાડે છે.

ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના નેતૃત્વમાં દૂધ ઉત્પાદકોના હિતોની જાળવણી માટે કાચા માલની ખરીદીમાં ગુણવત્તા સાથે પારદર્શક તંત્ર કાર્યરત કરવામાં આવેલ છે અને દરેક વસ્તુની ખરીદીમાં ચોક્કસ નીતિ નિયમોને અનુસરવામાં આવે છે તેથી બજારના ચઢાવ ઉતારની અવળી અસરોને રોકી શકાઈ છે. આ ઉપરાંત બનાસ દાણના ઉત્પાદન એકમોને પણ પૂરી કાર્યક્ષમતા અને કરકસરથી ચલાવવામાં આવે છે.

પ્રતિ ૭૦ કિલોની બનાસ દાણની બોરી દૂધ ઉત્પાદકોને રૂ. ૧૦૯૦ ના ભાવે મળતી હતી. હવે દૂધ ઉત્પાદકો રૂ.૧૦૫૦ના ભાવે ૭૦ કિલોની બોરી ખરીદી શકશે. આમ બનાસકાઠાના દૂધ ઉત્પાદકો માટે બનાસ દાણમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ. ૪૦ નો ઘટાડો થતા ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. નિયામક મંડળના આ હિતકારી નિર્ણયને દૂધ ઉત્પાદકોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધો છે.

# ડીસા ખાતે રોહિત સમાજનો ૧૨મો શૈક્ષણિક સેમિનાર યોજાયો

બંધારણના ઘડવૈયા વિશ્વ વિભૂતિ એવા બાબાસાહેબ



આંબેડકરની રાહ પર આગળ વધતા અને શિક્ષણનો વ્યાપ વધારવા દર વર્ષની જેમ આ વર્ષે ડીસાવળ રોહિત સમાજ દ્વારા ૧૨માં શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોરણ૧૦, ૧૨ થતા કૉલેજ તેમજ અન્ય ઉચ્ચ અભ્યાસુઓએ તેમની કારકિર્દીમાં મેળવેલી ઝળહળતી સફળતા બદલ સ્મૃતિચિહન, શિલ્ડ, સન્માન પત્ર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરુઆતમાં મંચસ્થ મહાનુભાવોનુંસમાજના વિવિધ કર્મીઓ દ્વારા ફુલછડી તથા શાલ ઓઢાડી સન્માન તેમજ આદર સત્કાર કરવામાં આવ્યો હતો. મંચસ્થ મહાનુભાવો દ્વારા સ્વાગત ગીત રજૂ કરનાર બાળાઓને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં



આવી હતી.

સમારંભમાં ઉદ્દઘાટન અને દિપ પ્રાગટ્ય અમરતભાઈ પટ, ઉપસચિવ, સચિવાલય ગાંધીનગર, જગમાન ભાન હડિયલ, બિઝનેશમેન, અમદાવાદ, ખેમચંદભાઈ સોલંકી, તંત્રી - માહિછાયા ડીસા વગેરે દ્વારા કરાયુંહતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થઆને બબાભાઈ ભગવાનભાઈ જૂના, ડીસા, પંચ પટેલ, જૂના ડીસા, મુખ્ય મહેમાન પદે ડૉ. બલદેવ આગજા, રાજયશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિ., વલ્લભ વિદ્યાનગર આણંદ વગેરે હાજર રહ્યા હતા. આમંત્રિત મહેમાનોમાં દિનેશભાઈ પુનડીયા, માગીલા પુનડીયા, અમરતભાઈ એચ. પરમાર, મોહનભાઈ પી. રાજ, મહાનુભાવો તથા વિદ્યાર્થીઓ, વાલીઓ હાજર રહ્યા હતા.





**પ્રાંતિજના અનવરપુરામાં કેશવ ફાર્મમાં આગ લાગતાં દોઢ લાખથી વધુ નુકશાન**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અનવરપુરા ખાતે આવેલ કેશવ ફામ ખાતે વિજ વાયરોને લઈને આગ લાગતાં આગમાં દોડ લાખ થી પણ વધારે પશું ઘાસચારો બળીને સ્વાહા થઈ ગયો. પ્રાંતિજ ના અનવરપુરા ખાતે આવેલ કેશવ ફાર્મ ખાતે આજે અગિયાર વાગ્યાના આસપાસ ફાર્મ માં રહેલ ધાસ ઉપરથી પ્રસાર થતાં વિજ વાયરો માંથી તણખલા પડતાં નીચે રહેલ પશુ ધાસના ઢગલાં ઓ ઉપર પડતાં આગ લાગી હતી અને ફાર્મ માલિક ને ખબર પડતાં નાસભાગ મચી ગઈ હતી અને બુમાબુમ થતા આજુબાજુના લોકો પણ દોડી આવ્યાં હતાં અને તાત્કાલિક પ્રાંતિજ નગર પાલિકામાં ફોન કરતાં પ્રાંતિજ ફાયર ટીમ સહિત સ્થાનિક તંત્ર ઘટના સ્થળે દોડી આવ્યું હતુ અને ફાયર ટીમના મુકેશભાઈ, ગોપાલભાઈ અને તેમણી ટીમ દ્વારા પાણીનો મારો ચાલું કરી આગ ઉપર કાબુ મેળવ્યો હતો પણ પવનને લઈને આગ જોત જોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં જોત જોતામાં બધો પશુ ધાસ ચારો બળીને સ્વાહા થઈ ગયો હતો તો પાસે રહેલ ખેતી ના ઓજારો પણ આગ માં બળી ગયાં હતાં તો આગ મા કોઈ જાનના થતાં તંત્ર એ પણ હાશકારો લીધો હતો તો ફાર્મ માલિક ગોવિદભાઈ કેશાભાઈ પટેલના જણાવ્યાં પ્રમાણે અગાઉ વિજકંપની માં જાણ કરવાં છતાં કોઈ કાર્યવાહીના હાથ ધરવામાંના આવતાં હાલ તો ફાર્મ માલિકને લાખ્ખોનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.